## જીવન ઝરમર

નોંધઃ (નીચેનો લેખ દક્ષિણ ગુજરાત નીરાતાડ ગોળ ગ્રામોદ્યોગ સંઘ, દેદવાસણ, તા.મહુવા, સુરત તરફથી શ્રી લલ્લુભાઈ નો ટુંકો પરિચય આપવા એમના અવસાન સમયે લખાયો હતો). આપણામાંથી ઘણાં જ્યારે લલ્લુભાઈને યાદ કરીએ છે ત્યારે એમની અન્ય પ્રવૃત્તિઓ વિચારવાને બદલે તેઓ એક ધારાસભ્ય તરીકે આપણા સમાજ માટે કોઈ લાભ ન મેળવ્યાની સ્વાર્થી વાતો કરી વગોવીએ છે. લાભ ન આપવાની કે ન મેળવી શકવાના ઘણા કારણો હોય શકે અને કદાચ આપણામાંથી પણ ઘણાને એ લાગું પડે પણ એમણે મેળવેલી વ્યકિતગત સિધ્ધીઓ આપણા સૌ માટે ગર્વ લેવા જેવી બાબત છે. સાથે સાથે એ પણ વિચારવાની જરૂર છે કે જો વ્યકિતગત રીતે આપણે આટલી પ્રગતિ કરી શકીએ તો સયુક્ત પ્રગતિ કરવામાં કેમ પાછળ પડીએ છે. (કેશવભાઈ જે પટેલ)

# સ્વ. શ્રી લલ્લુભાઈ મકનજી પટેલ - મટવાડ

જન્મઃ ૨૪ ફેબ્રુઆરી, ૧૯૧૬ ● નિધનઃ ૧૨ એપ્રિલ ૧૯૯૯

ગાંધી યુગના પ્રખર ચિંતક, લેખક, સ્વાતંત્ર્ય સેનાની, ગાંધી વિચારના મશાલચી, અડિખમ યોધ્ધા અને સમાજ સેવાના ભેખધારી શ્રી લલ્લુભાઈ મકનજી પટેલનો જન્મ જગપ્રસિધ્ધ દાંડી પાસેના નાનકડા ગામ મટવાડના એક કોળી પટેલ પરિવારમાં ૨૪મી ફેબ્રુઆરી ૧૯૧૬ના રોજે થયો હતો.

'પુત્રના લક્ષણ પારણામાંથી' કહેવત પ્રમાણે શ્રી લલ્લુભાઈના લોહીમાં સત્ય અને સેવાના ગુણો વિધમાન હતા જ. નાનપણમાં તેનને ગાંધીજીની આત્મકથા વાંચવાથી પ્રેરણા મળી અને પોતાનામાં રહેલા ગુણોને પોષણ મળ્યું અને તેજગુ ણોને વળગીને તેઓ આજીવન ચાલતા રહ્યા.

તેમણે પ્રાથમિક શિક્ષણ મટવાડમાં જ મેળવ્યું. માધ્યમિક શિક્ષણ ખડસુપા બોર્ડિંગમાં રહીને અને ઉચ્ચ શિક્ષણ અમદાવાદની એલ. ડી. આર્ટસ્ કોલેજમાં ભણીને મેળવ્યું. ગુજરાત યુનિવર્સિટીમાથી એમણે કાયદાની ડિગ્રી પણ મેળવી. અભ્યાસમાં તેઓ ઘણા હોશિયાર અને મોતીના દાણા જેવા અક્ષરો લખનાર વિદ્યાર્થી હતા. તે જમાનામાં તેમને તેજસ્વીવિ દ્યાર્થી તરીકે દર માસે રૂ. ૨૨ ની સ્કોલરશીપ મળતી હતી. તેમનું વ્યક્તિત્વ પણ એવું જ આભાસભર હતું કે સામેનીવ્યિ ક્તને તરત આંજી દેતા. તેઓ એમના જ્ઞાનથી નહી પણ એમના વ્યક્તિત્વમાં રહેલા સત્ય, અહિંસા, પ્રેમ, સેવા અને કરુણાના ગુણોથી અન્યોના હૃદયને જીતી લેતા. ૧૯૩૦માં ચૌદ વર્ષની કિશોરવયે તેઓ દાંડીનો ઐતિહાસિક મીઠા સત્યાગ્રહ નજરે નિહાળવા સદભાગી બન્યા પછી તેમના જીવનમાં દેશભાવનાની જ્યોત વધુને વધુ બળવત્તર બની.

૧૯૪૨માં તેમની વ્યકિતગત સત્યાગ્રહી તરીકે પસંદગી થઈ. બોરીફળીયા - સુલતાનપુર જઈ બ્રિટિશ સલ્તનની વિરુધ્ધ ભાષણ આપવા બદલ તેમની ધરપકડ થઈ અને ૪ માસની જેલની સજા થઈ. જેલવાસમાંથી છૂટયા તો ખરા, પરંતુ પ રાધીનતાની જંજરિમાંથી માતૃભૂમિને મુક્તિ ન મળે ત્યાં સુધી તેમને ચેન પડે તેમ ન હતું. પરિવ્રાજકની જેમ તેઓ સત ત લોકો વચ્ચે ફરતા રહ્યા અને લોકજાગૃતિનું કામ કરતા રહ્યા. શ્રી લલ્લુભાઈ માટે આ પવૃત્તિ મનગમતી અનેતન મનને તાજગી આપનારી હતી, પરંતુ અંગ્રજી શાસન માટે શિરદર્દ સમાન હતી. એટલે જ બ્રિટિશ શાસન વિરુધ્ધ ભાષણો કરવા બદલ અનેક વખત તેમની ધરપકડ કરવામાં આવેલી.

૧૯૪૨માં આવા જ કારણસર એકવાર ભૂલા ફળિયા (નવસારી)થી અને બીજી વખત સુરતથી પકડી તેમને જેલમાં ધકેલી દેવામાં આવેલ. એક પ્રસંગે સુરતમાં તેમનું ભાષણ રોકવા અને પકડવા આવેલ પોલીસ પાસેથી બંધુક પણ ઝૂંટવી લીધી હતી. બીજા એક પ્રસંગે પોલીસ કસ્ટડીમાંથી તેઓ આરોપીઓને ભગાડી ગયા હતા. આમ શાસન વિરુધ્ધની પ્રવૃત્તિઓ બદલ તેમને અઢી વર્ષની જેલની સજા થઈ હતી.

૧૯૪૭માં દેશ આઝાદ થયો, પરંતુ દેશને આબાદ કરવાનું કામ શ્રી લલ્લુભાઈએ અને એના જેવા ગાંધીજનોએ ખાદી,દ ારુબંધી અને નયી તાલીમ જેવી રચનાત્મક પ્રવૃત્તિઓ કરી ચાલું રાખ્યું. જેઓએ સ્વતંત્રતા પ્રાપ્તિને જ પોતાનું લક્ષ ગણે લું તેઓ સ્વતંત્રતા પછી પોતપોતાના વ્યવસાયમાં જોડાઈ ગયા. રચનાત્મક કાર્યોની જેમ જેલવાસે પણ તેમનો પીછોછોડ યો નહી. ઈન્દિરાજીના શાસનકાળ દરમ્યાન કટોકટી સમયે ૧૯૭૬માં તેમને પકડવામાં આવ્યા અને સાબરમતી જેલમાં સાડાચાર માસ સુધી રાખવામાં આવ્યા. જેલમાંથી છૂટયા પછી પણ શાસનના કાળા કરતૂતોને તાબે કદી થયા નહી.

૧૯૪૬થી ૧૯૬૨ સુધી તેઓ વિધાનસભાના સભ્ય તરીકે પ્રજાના કામો કરતાં રહ્યા. ૧૯૪૬માં ચૂટાયેલા ધારાસભ્યોમાં પોતે સૌથી નાના ધારાસભ્ય હતા. ૧૯૫૨ની ચૂંટણીમાં ભારતના અન્ય રાજ્યોના ધારાસભ્યોની સરખામણીમાં તેમને સૌથી વધુ મતો મળ્યા હતા. એટલું જ નહી પણ તેમની સામે ઉભેલા પ્રતિસ્પધીઓએ પોતાની ડિપોઝીટ ગુમાવી હતી.

૧૯૬૨માં તેમણે સુરત જિલ્લા પંચાયતના પ્રમુખ તરીકે સેવાઓ આપી. આમ તેમના કાર્યનો વ્યાપ બદલાતો રહ્યો પણક ામનું ઊંડાણ અને લોકો સાથેની આત્મીયતા વધ્યાં.

૧૯૬૦માં તેઓએ બે વર્ષ માટે ગુજરાત યુનિવર્સિટીના અને ૧૯૬૪થી વર્ષો સુધી દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના સેનેટ સભ્ય તરીકે તેમની અમુલ્ય સેવાઓ આપી. યુનિવર્સિટીની એમની સેવાઓ વચ્ચે પણ તેમનું દિલ તો ગાંધીજીની નયી ત ાલીમને જ વરેલું હતું. ખાદી, ગ્રામોદ્યોગ અને નયી તાલીમને જ તેમણે દેશના પરિવર્તન માટે અનિવાર્ય ગણેલ અને આવી રચનાત્મક પ્રવૃત્તિઓના વિકાસ માટે તેઓ સતત ચિંતનશીલ અને પ્રયત્નશીલ રહ્યા. નયી તાલીમ પ્રત્યેની અખૂટ નિષ્ઠાએ જ તેમને ગુજરાત નયી તાલીમ સંઘના પ્રમુખ સ્થાને સર્વ સંમતિથી બેસાડયા. પ્રમુખ તરીકેના કાર્યકાળદ રમ્યાન તેમણે પ્રશંસનીય કામગીરી બજાવી. રચનાત્મક પ્રવૃત્તિઓ તો તેમના શ્વાસોશ્વાસ હતાઃ તેથી જ તો હરિજન સેવ ક સંઘ, ખાદી ગ્રામોદ્યોગ સંઘ, નીરા તાડગોળ મંડળીઓ, ગુજરાત નશાબંધી મંડળી, નવજીવન ટ્રસ્ટ જેવી અનેક સંસ્થાઓ સાથે તેમનો આજીવન સંબંધ રહ્યો.

તેઓ ગાંધી વિચારધારામાં અનન્ય વિસ્વાસ ધરાવતા. તેમનું ઘર એટલે ગાંધી સાહિત્યનું સમૃધ્ધ પૂસ્તકાલય. ગાંધી સાહિત્ય જ તેમનું બળ અને પ્રાણ. તેમણે ગાંધીજીના જીવનને ધ્યાનમાં રાખી તેને અનુરૂપ નીચેના પુસ્તકો લખ્યાં. પરિણામે ગાંધી વિચારધારાને લગતી સુંદર રચનાઓ ગુજરાતની પ્રજાને મળી.
(૧) ગાંધીજી (૨) ગાંધીજીના પાવન પ્રસંગો (૩) ચરણ આપના ત્યાં બિરાજે (૪) સ્ત્રીઓ અને સ્ત્રી જીવનની સમસ્યાઓ (સંપાદન) (૫) ગાંધીજીનો વિનોદ અને (૬) પૂજ્ય ગાંધીજી.

તેમણે ન્યુઝિલેન્ડ તથા યુરોપનો પ્રવાસ કરેલ. વિદેશ પ્રવાસમાં પણ તેઓ અંગ્રજી સાહિત્યકારોના જન્મ સ્થાનો અચૂક જ ોવા જતા જે તેમના સાહિત્ય પ્રત્યેના પ્રેમની પ્રતિતિ કરાવે છે.

શ્રી લલ્લુભાઈની જ્ઞાન પિપાસા અને સાધના ભારે પ્રબળ. ગાંધીજીના અવસાન પછી મળેલી વિશ્વ શાંતિ સંમેલનનો આસ્વાદ માણવા તેઓ છેક શાંતિનિકેતન - કોલકતા ગયા હતા.

અમેરિકન તત્વચિંતક શ્રી રિચાર્ડ ગ્રેગ, શ્રી કાકાસાહેબ કાલેલકર, શ્રી કિશોરલાલ મશરૂવાળા, શ્રી ઉમાશંકર જોષી, શ્રી ઉશનસ્, શ્રી મનુભાઈ પંચોળી, શ્રી નારાયણ દેસાઈ વગેરે ચિંતકો સાથે તેમનો આત્મીય સંબંધ રહ્યો. શ્રી ઉમાશંકર જોષી તો શ્રી લલ્લયભાઈના આમંત્રણથી સહકુટુંબ દાંડી ખાતે અને ત્યારબાદ નરસિંહ મહેતા પર ઊંડાણથી અધ્યયન ક રવા વલસાડ ખાતે શ્રી લલ્લુભાઈના મહેમાન બનીને એક એક માસ રહ્યા હતા.

ગાંધીયુગનો તેજ પૂંજ સમો સિતારો ૧૨મી એપ્રિલ ૧૯૯૯ સોમવારના રોજ ખરી પડયો, પરિણામે મૂલ્યનિષ્ઠ ગાંધીજીવનમાં એક ન પૂરાય તેવી ખોટ પડી છે.